# "આવનારું વર્ષ આપનું સુખ-ચેનથી વીતી જશે એટલું અદ્ભુત છે કે સૌને તમારી ઈર્ષા થશે."

## મિથુન (ક.છ.ઘ.)



**નવું વર્ષ, મિથુન રાશિનાં જાતકો માટે પરિવર્તનશીલ અને ઉત્સાહજનક રહેશે. આરોગ્ય, વ્યાપાર, પ્રેમ, પારિવારિક જીવન અને નાણાંકીય સ્થિતિ બહેતર બનશે.**

### જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર

### માનસિક સ્થિતિ: સુખ - સંતોષનો અહેસાસ

આ વર્ષ માનસિક સુખ-સંતોષ આપી જશે. 5 મી ડિસેમ્બર-2025 થી 1લી જૂન : 2026 દરમ્યાન આપની જ મિથુન રાશિમાં ગુરુનું ગોચર આપને ઉમદા ભાગ્ય આપે. પરોપકારી, પ્રભાવશાળી બનાવે જેથી, માનસિક સ્થિરતા અને સ્વસ્થતા મળશે. આત્મવિશ્વાસને વધારશે. તા. 1લી જૂન 2026 થી તા. 31 મી ઓક્ટોબર : 2026 સુધી ગુરુનું કર્ક રાશિમાં ભ્રમણ પણ આપને સારું કૌટુંબિક અને ભૌતિક સુખ આપશે. જો કે, શનિનું દસમા ભાવમાં ગોચર આખા વર્ષ દરમિયાન કામના દબાણ અને જવાબદારીઓને કારણે ક્યારેક તણાવ ઊભો કરી શકે છે પણ **આખા વર્ષ દરમ્યાન એકંદરે આપને "આયે દિન બહાર કે" નો અહેસાસ થશે.**

### આરોગ્ય: શારીરિક અને માનસિક ઊર્જા વધે

આરોગ્ય સામાન્ય રીતે સારું રહેશે. વર્ષ દરમ્યાન પૂર્વાર્ધમાં ગુરુનું મિથુન રાશિમાં ભ્રમણ અને ઉત્તરાર્ધમાં કર્ક રાશિમાં (બીજા ભાવમાં) ગોચર શારીરિક અને માનસિક ઊર્જાને વધારશે. જો કે, શનિનું મીન રાશિમાં (દસમા ભાવમાં) ગોચર થવાથી **જવાબદારીઓ વધે તેથી તણાવ અથવા થાક અનુભવાઇ શકે છે.** 12મી ફેબ્રુઆરી 2026 દરમિયાન સૂર્ય અને મંગળ બંને મકર રાશિમાં (આપની રાશિથી આઠમા ભાવમાં) ગોચર કરશે. તે દરમ્યાન વાઇરલ બીમારીઓ, દાંતની તકલીફો, અકસ્માતોથી સાચવવું. નિયમિત વ્યાયામ, યોગ અને ધ્યાન તમારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને જાળવી રાખશે.

### ધંધાકીય: શુભ - સાનુકૂળ સમય

વ્યાપારધંધા માટે શુભ અને સાનુકૂળ રહેશે પરંતુ યોગ્ય આયોજન અને સાવધાની જરૂરી છે. વર્ષ દરમ્યાન ગુરુનું સાનુકૂળ ભ્રમણ નાણાંકીય લાભ અને નવી તકો લાવે. તા. 1લી જૂન : 2026 થી વર્ષના અંત સુધીનો સમય નવા પ્રોડક્ટ્સ શરૂ કરવા માટે તથા વ્યાપારના વિસ્તરણ માટે સારો રહેશે. **સ્ટાર્ટઅપ માટે સમય સાનુકૂળ રહેશે. જો તમે નિકાસ-આયાત, મીડિયા, ટેકનોલોજી કે ટ્રાન્સપોર્ટ સાથે સંકળાયેલા હો તો આ વર્ષે નવા કોન્ટ્રાક્ટ્સ અથવા ભાગીદારીની તકો મળી શકે.** વર્ષ દરમ્યાન દસમા ભાવમાં પરિભ્રમણ કરતો શનિ પણ ધીમી છતાં મક્કમ પ્રગતિ કરાવે.

### નોકરી: પ્રગતિ અને નવી તકો

આ વર્ષ નોકરીમાં પ્રગતિ અને નવી તકો લઈને આવશે. આખા વર્ષ દરમ્યાન ગુરુનું સાનુકૂળતા નાણાંકીય સ્થિરતા અને કારકિર્દીમાં વૃદ્ધિનો સંકેત આપે છે. તમારું કોમ્યુનિકેશન અને બૌદ્ધિક કુશળતા કાર્યસ્થળે તમને ચમકાવશે. **નોકરીમાં પ્રમોશન અથવા બીજી નવી વધુ સારી તકો મળી શકે.** શનિનું નવમા ભાવમાં ગોચર આખું વર્ષ કામનું દબાણ અને જવાબદારીઓ વધે પરંતુ નિષ્ઠા અને શિસ્તથી ઉચ્ચ અધિકારીઓનો વિશ્વાસ જીતી શકાય. નવા પ્રોક્ટ્સ અથવા ટીમ લીડરશિપની તકો મળી શકે.

### નાણાંકીય સ્થિતિ: સંપત્તિ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ

નાણાંકીય દૃષ્ટિએ વર્ષ સારું રહેશે. ખાસ કરીને વર્ષનાં ઉત્તરાર્ધમાં 1લી જૂન : 2026થી ગુરુનું કર્કમાં ભ્રમણ આવકના નવા સ્રોતો અને નાણાંકીય સ્થિરતા લાવે. પૈસા, મિલક્તો, ભૌતિક સુખો સારા આપી જાય. **પ્રોપર્ટી કે વાહન ખરીદવાનું વિચારતા હો તો આ સમય અનુકૂળ છે.** તા. 22 મી જૂન : 2026 થી તા. 7મી જુલાઇ : 2026 દરમ્યાન બુધ-શુક્રની અનુકૂળ સ્થિતિ નાણાંકીય લાભ વધારે. નાણાંકીય આયોજન અને બજેટ પર ધ્યાન આપવું. લાંબા ગાળા માટેનું સમજપૂર્વકનું ઈન્વેસ્ટમેન્ટ કરવું.

### પારિવારિક અને પ્રેમસંબંધો : સુખમય સમય

વર્ષ દરમિયાન ગુરુની સાનુકૂળતા પારિવારિક અને સામાજિક જીવનને સુખમય બનાવે છે. અવિવાહિતોને નવેમ્બર 2025, એપ્રિલ-2026 તેમજ સપ્ટેમ્બર-ઓક્ટોબર 2026 દરમિયાન શુક્રની સાનુકૂળતાને કારણે **નવા પ્રેમસંબંધો અથવા વિવાહિત-લગ્નની તકો ઊભી થશે.** વિવાહઉત્સુક પાત્રોને શુભ સમયનો ઉપયોગ કરી લેવા સલાહભર્યું રહેશે. સંતાનઉત્સુક દંપતીઓને ગુડ ન્યૂઝ મળવા યોગ પણ છે. દંપતીઓ વચ્ચે વાદવિવાદ થયા હોય, પત્ની ઘર છોડીને ચાલી ગઈ હોય તેવા કિસ્સાઓમાં સુખદ સમાધાન થવાના યોગ પણ છે. સંતાનોના નોકરી ધંધામાં સેટલ




થવા સંબંધિત ટેન્શન રહેલું હોય તો દૂર થઈ શકવાની અને સંતાન - નોકરી ધંધામાં ટેન્શન થઈ શકવાની શક્યતાઓ છે.

### શિક્ષણ : સફળતાનું વર્ષ

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ શૈક્ષણિક દૃષ્ટિએ સફળ રહેશે. ગુરુનું પ્રથમ ભાવમાં ગોચર તમને નવું શીખવા અને જ્ઞાન મેળવવા માટે પ્રેરણા આપશે. ખાસ કરીને, વિજ્ઞાન, ટેકનોલોજી અને સંચાર સંબંધિત અભ્યાસમાં વિદ્યાર્થીઓ ઉત્તમ પ્રદર્શન કરશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મળવાની શક્યતા છે. વધુમાં **અભ્યાસ માટે વિદેશ જવા માંગતાં હોય તેમની ઇચ્છા પૂર્ણ થવાનો યોગ છે.**

### મુસાફરી/પ્રવાસ: વિદેશ પ્રવાસની શક્યતાઓ

આ વર્ષ પ્રવાસની ઘણી તકો લઈને આવશે. સવિશેષપણે ગુરુનું બીજા ભાવમાં ગોચર (1લી જૂન : 2026થી) વ્યાવસાયિક અને વ્યક્તિગત પ્રવાસો માટે અનુકૂળ. નોકરી, શિક્ષણ કે વેપાર સાથે સંકળાયેલા વિદેશ પ્રવાસની શક્યતાઓ પણ છે. પ્રવાસ નવા અનુભવો, સંબંધો અને વ્યાવસાયિક તકો લાવે. કામના સંબંધમાં ટૂંકા અને આકસ્મિક પ્રવાસો પણ થઈ શકે. પ્રવાસ દરમિયાન આરોગ્ય, સામાનની સુરક્ષા અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સનું ધ્યાન રાખવું.

### કોર્ટ- કચેરી : મિશ્ર પરિણામો

કોર્ટ - કચેરીના મામલામાં આ વર્ષે મિશ્ર પરિણામો મળશે. વર્ષ દરમ્યાન શનિ મીન રાશિમાં (11મા ભાવ) રહેશે, સામાજિક અને કાનૂની બાબતોમાં થોડો વિલંબ અને અવરોધો લાવી શકે છે. ખાસ કરીને ધીરજ રાખવી જરૂરી છે. 1લી જૂન : 2026 થી ગુરુનું દ્વિતીય ભાવમાં (કર્ક રાશિ) માં ભ્રમણ તમને નાણાંકીય અને માનસિક શક્તિ આપશે.

### સરકારી કામકાજ : સફળતા અને લાભ

સરકારી કામકાજમાં આ વર્ષે સફળતા મળવાની સંભાવના છે. ગુરુનો પ્રથમ ભાવમાં (1લી જૂન : 2026 સુધી) અને પછી દ્વિતીય ભાવમાં (1લી જૂન : 2026થી) પ્રભાવ તમને સરકારી અધિકારીઓ સાથે સારો સંપર્ક બનાવવામાં અને સારો લાભ અપાવવામાં મદદરૂપ થશે. આ સમય દરમિયાન સરકારી દસ્તાવેજો, લાયસન્સ કે પરમિટ મેળવવા માટે અનુકૂળ સમય રહેશે. શનિ નવમા ભાવમાં હોવાથી, સરકારી કામોમાં શિસ્ત અને નિયમોનું પાલન કરવું જરૂરી રહેશે. **વિલંબ થઈ શકે છે પરંતુ પરિણામો સકારાત્મક રહેશે.** જો કે બુધનું (જુલાઈ-ઓગસ્ટ : 2026 દરમ્યાન વક્રીભ્રમણ સરકારી કામોમાં ગેરસમજણો ઊભી કરી શકે છે. તેથી સરકારી અરજીઓ કે વાતચીતમાં સ્પષ્ટતા રાખો.

### સ્ટોક માર્કેટ : સ્થિરતા અને વૃદ્ધિ

સ્ટોક માર્કેટમાં રોકાણ માટે આ વર્ષ મધ્યમ રહેશે. ગુરુનું પ્રથમ ભાવમાં (1લી જૂન : 2026 સુધી) અને પછી દ્વિતીય ભાવમાં ભ્રમણ ઇન્વેસ્ટમેન્ટમાં સ્થિરતા અને વૃદ્ધિ આપશે. જો કે શનિની નવમા ભાવમાં ઉપસ્થિતિ ઝડપી નફાને બદલે લાંબા ગાળાના રોકાણોથી વધુ લાભ આપશે. સ્પેક્યુલેટિવ ટ્રેડિંગથી બચવું. નુકસાન થવાની શક્યતા છે. બુધનું વક્રીભ્રમણ (જુલાઈ-ઓગસ્ટ : 2026) નાણાંકીય નિર્ણયોમાં ભૂલો લાવી શકે છે.

**(શીર્ષક પંક્તિ : ડો. મુકુલ ચોક્સી)**

## મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**ગુરુની અસર :** ગુરુ 5 મી ડિસેમ્બર 2025થી આપની મિથુન રાશિમાં પ્રવેશશે અને 1 લી જૂન : 2026 સુધી આપની રાશિમાં રહેશે. પ્રથમ ભાવમાં ગુરુ આ શિક્ષણ, આધ્યાત્મિક્તા અને આર્થિક લાભ માટે અનુકૂળ છે. વિદ્યાર્થીઓને સફળતા, વેપારમાં વૃદ્ધિ અને વૈવાહિક જીવનમાં સુખ મળશે. નિર્ણયોમાં સ્પષ્ટતા રહેશે. 1લી જૂન : 2026થી વર્ષના અંત સુધી ગુરુ કર્કમાં ભ્રમણ કરશે. ગાળા દરમ્યાન પણ આપ સુખ-સંતોષનો અનુભવ કરશો.

**શનિની અસર :** શનિ સમગ્ર વિક્રમ સંવત 2082 દરમ્યાન મીન રાશિમાં એટલે કે આપની રાશિથી દસમા ભાવમાં રહેશે, કાર્યક્ષેત્રમાં પડકારો લાવશે. ચડતી-પડતીનો અનુભવ કરાવે. મહેનત વધશે. પરંતુ ધીરજ અને શિસ્તથી સફળતા ચોકક્સ મળશે.

**રાહુની અસર :** રાહુ આખા વિક્રમ સંવત 2082 દરમ્યાન કુંભ રાશિમાં રહેશે. યાત્રાઓ કરાવશે. વિદેશ પ્રવાસનો પણ યોગ છે. કારકિર્દીમાં નવા અવસરો લાવશે પરંતુ માનસિક તણાવ રહ્યા કરશે.